જતીન માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ કચ્છી બન્યો

એન્જિનિયરીંગની નોકરી છોડી ટ્રેકિંગ કર્યું : સમગ્ર વિશ્વમાંથી ૫૦ લોકો માઉન્ટ એવરેસ્ટ સર કરવા સિલેક્ટ થયા, જેમાં ભારતનો જતીન ચૌધરી એવરેસ્ટ શિખર પર પહોંચ્યો હતો

કચ્છ,તા.૧૩

સાહસિક વ્યક્તિઓ જાનની પરવા કર્યા વિના પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરી પડકારોનો સામનો કરતા હોય છે. આવા જ એક મૂળ ઉત્તરપ્રદેશના અને કચ્છને કર્મ ભૂમિ બનાવનારા ભુજના યુવાન જતિન રામસિંહ ચૌધરીએ ૧૨ મી મેએ ૮૮૪૮ મીટરની ઊંચાઈ જેટલું કપરું ચઢાણ પૂર્ણ કરી માઉન્ટ એવરેસ્ટ સર કરી પરિવારની સાથેસાથે કચ્છનું નામ રોશન કર્યું છે. મૂળ યુ.પી.ના અને કચ્છને ભૂમિ બનાવનાર નિવૃત્ત પી.એસ.આઈ. રામસિંહ ચૌધરીના ૪૨ વર્ષીય પુત્ર જતિને ગત ૧૪ મી એપ્રિલથી માઉન્ટ એવરેસ્ટના પર્વતારોહણની શરૂઆત કરી હતી, તેને લુકલાથી બેઝ કેમ્પ સુધી પહોંચવામાં ૧૦ થી ૧૫ દિવસનો સમય લાગ્યો હતો, ત્યાર બાદ ૯મીએ ફાઈનલ ચઢાણ શરૂ કરી, ગુરુવારે સવારે એવરેસ્ટની ટોચે બીએપીએસ સ્વામિનારાયણ મંદિરનો ધ્વજ લહેરાવ્યો હતો. આ પર્વતારોહણ દરમ્યાન એસપીઓ-ટુ એટલે કે તેનું ઓક્સિજન લેવલ ૫૩ જેટલું થઈ ગયું હતું. સામાન્ય રીતે આટલા લેવલમાં કોઈપણ અન્ય વ્યક્તિને હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવાની જરૂર પડે છે. એમેઝોન કંપનીમાં સોફ્ટવેર એન્જિનીયર તરીકે નોકરી કરતા જતિન ચૌધરીને હાલ કંપની તરફથી વર્ક-ફ્રોમ-હોમ આપવામાં આવ્યુ છે. આ દરમ્યાન તેણે પોતાના મિત્રો સાથે હબાયના ડુંગર પર ટ્રેકિંગની શરૂઆત કરી હતી, ત્યારબાદ તેને પર્વતારોહણ કરવાની લગની લાગતાં તેણે એન્જિનિયર તરીકેની નોકરી છોડી વિવિધ સ્થળે ટ્રેકિંગની પ્રેક્ટિસ શરૂ કરી હતી. જતિને છ માસ અગાઉ નેપાળના ૬૮૦૦ મીટર ઊંચા અમાડબલમ પર્વત પર ચઢાણ કર્યું છે, જ્યાં અમુક લોકો જ જઈ શકે છે. આ ચઢાણ દરમ્યાન રસ્તામાં ત્રણ પર્વતારોહકોને મુશ્કેલી થતાં હેલિકોપ્ટર મારફતે રેસ્ક્યુ કરવા પડ્યા હતા, તેમ છતાં કોઈપણ જાતની હિંમત હાર્યા વિના જતિને માઉન્ટ એવરેસ્ટ સર કર્યું હતું. એવરેસ્ટ સર કરવા પર્વતારોહકો સાથે નેપાળથી ખાસ શેરપા સાથે હોય છે, આ શેરપાઓને ખાસ તાલીમ આપવામાં આવતી હોય છે. જતિને નેપાળમાં આ તાલીમ લઈ ડિગ્રી હાંસલ કરી છે, તેથી નેપાળ સરકારના સચિવ દ્વારા તેને ગ્રુપ લીડર બનાવાયો હતો. આ ગ્રુપમાં અન્ય ૫૦ પર્વતારોહક જોડાયા હતા, જેની તમામ જવાબદારી સવાયા કચ્છને સોંપાઈ હતી, તેની સાથે જોડાયેલા પૈકી ૨૫ લોકોએ એવરેસ્ટ સર કરી લીધું હતું, બાકીના હજુ રસ્તામાં હતા.

મિલ્કતવેરાની વસુલીના સોફ્ટવેરમાં જ ૧૬થી વધુ ભૂલો હોવાથી નાગરિકોને ભારે હાલાકી

તંત્રએ સોફ્ટવેર બનાવનાર કંપની સાથે બેઠક કરી તાત્કાલિક દુરસ્તી કરવા કડક તાકીદ કરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મિલ્કતવેરા વસુલી દરમ્યાન ૮૦૦ થી વધુ ફરિયાદો મળતાં મનપાનું તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો મુજબ મનપાએ આને લઈ સોફ્ટવેર બનાવનાર એજન્સી સાથે બેઠક કરી હતી અને તાત્કાલિક સોફ્ટવેરમાં રહેલી ક્ષતિઓને આજ સાંજ સુધીમાં દુરસ્તી કરી દેવાની ખાત્રી આપી હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્રએ સોફ્ટવેરમાં ૧૬થી વધુ ક્ષતિઓ જણાઈ હતી. આ અંગે તંત્રે સોફ્ટવેર બનાવનાર કંપનીને ચારેક જેટલા પત્રો લખ્યા હતા પરંતુ કંપનીએ તે ધ્યાને લીધા ન હોવાથી તંત્રના અધિકારીઓ ગુસ્સે ભરાયા હતા અને સોફ્ટવેરની કંપનીની વડી કચેરીએ રજુઆત કરતાં આખી એજન્સી દોડતી થઈ હતી.

આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે આ મુદ્દે એજન્સી અને અધિકારીઓએ મોડી રાત સુધી બેસીને કામગીરી કરી હતી એટલુ જ નહિ જે જે ત્રુટીઓ જણાઈ હતી તેની દુરસ્તીની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

રોજની ૫૦ થી વધુ ફરિયાદો મિલ્કતવેરો ભરવા આવતા લોકો દ્વારા તંત્રને કરવામાં આવતી હતી. જેમાં નામ બદલાઈ ગયા, ક્ષેત્રફળ દર્શાવવામાં ભૂલ, એડવાન્સ ટેક્સ ભરાઈ ગયા પછી બાકી રકમ દર્શાવી તેના પર વ્યાજ લગાવવા સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

મનપાના તંત્રને નવા ભેળવવામાં આવેલા વિસ્તાર સહિત જુના વિસ્તારમાંથી ફરિયાદો મળી રહી હોવાથી હસ્તકમાં આવેલા તંત્રએ આ બાબતે સોફ્ટવેર બનાવનાર કંપનીને કડક તાકીદ કરી હતી.

"નગર" નામનું સોફ્ટવેર માત્ર ગાંધીનગર મનપા પાસે જ છે જ્યારે અન્ય મનપા કચેરીઓ પાસે તેમનું પોતાનું સોફ્ટવેર ડેવલપ કરી અને ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ એડવાન્સ મિલ્કતવેરાની વસુલી પર કમિશન આપવાની યોજના અમલી હોવાથી તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે પરંતુ સોફ્ટવેરની જે ક્ષતિઓ સામે આવી છે અને લોકોને પડેલી હાલાકી પછી હવે મનપા પણ તેનુ પોતાનુ આગવુ સોફ્ટવેર બનાવવાની દિશામાં વિચારણા કરી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે મનપાના તંત્રને મળેલ ૮૦૦ જેટલી ફરિયાદોમાંથી ૨૦૦ જેટલી ફરિયાદો તો માત્ર ને માત્ર નામમાં ભૂલો હોવાની મળી છે. નવા વિસ્તારોમાં કેટલીક સોસાયટીમાં બંગલા કે એપાર્ટમેન્ટના માલિકોના નામ જ ન આવતા હોવાનું જણાયુ છે. તો કેટલીક સોસાયટી અને ફ્લેટના ક્ષેત્રફળમાં ભૂલો હોવાની પણ ફરિયાદો પણ મળી છે.

વાવોલ વિસ્તારમાં પણ રહેશે સીસીટીવીની ચાંપતી નજર..!!

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા બાદ સમગ્ર વાવોલ વિસ્તારમાં વિકાસ કાર્યોમાં ઝડપ આવી છે. આ વિસ્તારમાં રોડ-રસ્તાઓના નવીનીકરણ સાથે સાથે સુરક્ષાના હેતુસર હવે સીસીટીવી કેમેરાની ચાંપતી નજર પણ રહે તે હેતુથી નવા સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવી રહ્યાં છે. આજે વાવોલની કોલવડા ચોકડી ખાતે જોગણીમાતાના મંદિર પાસે નવા સીસીટીવી કેમેરા લગાડવમાં આવ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર વાવોલ વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યોમાં આવેલી ઝડપને પગલે આ વિસ્તારમાં રીયલ એસ્ટેટના ભાવોમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે અને ખૂબ મોટી સંખ્યામાં વાવોલ વિસ્તારમાં નવી રહેણાંક તથા કોમર્શિયલ પ્રોપર્ટીઝના નિર્માણ કાર્યો પણ ધમધમતાં જોવા મળી રહ્યાં છે.

કલોલ તાલુકાના મોખાસણ ગામે કોરોનાનો એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૩

દસ દિવસ બાદ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો કેસ નોંધાયો નથી.

જિલ્લાના કલોલ તાલુકાના મોખાસણ ગામે કોરોનાનો કેસ નોંધાયો છે. આ દર્દી વારંવાર અમદાવાદ ગયાની ટ્રાવેલ હિસ્ટ્રી છે. શરદી, તાવ અને અન્ય લક્ષણો જણાતાં ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ થી વધુ દિવસ બાદ કોરોનાનો કેસ નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ સઘન સર્વેલન્સની સાથે કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટેની તાકીદ કરી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ આ એક જ કેસ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. જિલ્લા અને શહેરમાં હાલ ૧૧ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

કવિ ત્રાપજકરના સમગ્ર સાહિત્યનું વિમોચન પૂ. મોરારિબાપુના હસ્તે ત્રાપજ મુકામે યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

તા. ૧૫ મે રવિવારના રોજ સવારે ૯ કલાકે ગુજરાત સાહિત્ય

અકાદમી આયોજિત ગુજરાતી નાટ્યશાળાના મહારથી કવિ ત્રાપજકરના ૧૧ પુસ્તકોનું વિમોચન ત્રાપજ મુકામે યોજાશે. જૂની રંગભૂમિના સુપ્રસિદ્ધ નાટ્યકાર-ગીતકાર પરમાનંદ મણિશંકર ત્રાપજકરના અપ્રાપ્ય પુસ્તકોના સમગ્ર સાહિત્યનું ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશન થયું છે. આ પ્રસંગે વિષ્ણુરામ ત્રિવેદીનું પુસ્તક 'શિહોરની નોંધોમાં નાનાસાહેબ પેશ્વા' તથા હરદ્વાર ગોસ્વામી અને રક્ષા શુક્લ આલેખિત પુસ્તક 'માનસમર્મ'નું વિમોચન પૂ. મોરારિબાપુના વરદ્ હસ્તે થશે.

આ કાર્યક્રમમાં પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, મંત્રી પુરુષોત્તમ રૂપાલા અને મંત્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહેશે. મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ અને શરદભાઈ ત્રાપજકર પ્રતિભાવ આપશે. મહેશભાઈ ગઢવી અને અન્ય કલાકારો કવિ ત્રાપજકરની રચનાઓનું ગાન કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ હરદ્વાર ગોસ્વામી કરશે. પોતાના જ ગામના કવિ ત્રાપજકરની વંદના સમસ્ત ત્રાપજ ગામ દ્વારા કરાશે. સાહિત્યરસિકોને જાહેર નિમંત્રણ છે.

ખિચડી પ્રસાદ વિતરણ કેન્દ્ર ખાતે સિનિયર સિટીઝન કાઉન્સિલ ઓફ ગાંધીનગર ના સહયોગથી ૩૦૦થી વધુ વ્યક્તિઓને પ્રસાદ નું વિતરણ

સેક્ટર ૭ ખાતે ખિચડી પ્રસાદ વિતરણ કેન્દ્ર ખાતે સિનિયર સિટીઝન કાઉન્સિલ ઓફ ગાંધીનગર ના સહયોગથી ૩૦૦થી વધુ વ્યક્તિઓને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો . કાઉન્સિલના સભ્યો જયરામ સોની, દશરથભાઈ, સરોજબેન દેસાઈ અને કુસુમબેન જૉષીએ હાજર રહી સેવાઓ આપી હતી. સ્વાદિષ્ટ ગરમ ગરમ ખિચડી, છાસ ઉપરાંત ડો.રાજેન્દ્ર વસોયા તરફથી મધુર ડેરીના સ્વાદિષ્ટ મોહનથાળનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

દીકરાના નિધન બાદ વિધવા પુત્રવધૂને દીકરીની જેમ સાસરે વળાવી

લગ્ન બાદ સ્વિટીએ પોતાના પિયર જવાને બદલે પોતાની સાસરીમાં જ રહીને સાસુ-સસરાની સેવા કરવાનું નક્કી કર્યું હતું

નવસારી,તા.૧૩

સાસુ-વહુના વચ્ચે મીઠાસભર્યા સંબંધો હોય તેવું બહુ ઓછું બનતું હોય છે. સાસુ-વહુના ઝઘડા છાપે ચઢવાના પણ દાખલા બનતા રહે છે. એટલે કે સુધી કે સાસુ અને વહુ વચ્ચેની તાણાખેંચ ઉપર તો અનેક ટીવી ધારાવાહિકો પણ બની ચૂકી છે. જોકે, નવસારીમાં સાસુ-વહુના સંબંધનો એક એવો દાખલો સામે આવ્યો છે, જેણે સમાજને નવી જ રાહ ચીંધી છે. હકીકતમાં અહીં એક મહિલાએ પોતાના દીકરાના અવસાન બાદ તેની વિધવા પુત્રવધૂના ફરીથી લગ્ન કરાવી આપી નવી રાહ ચીંધી છે. સાથે જ એવો સંદેશ આપ્યો છે કે વહુને વહુ નહીં પરંતુ દીકરી માનશો તો અનેક મુશ્કેલી દૂર થઈ જશે. સામાન્ય કિસ્સામાં પતિના નિધન બાદ પત્ની કાં તો પોતાના સાસરિયામાં વિધવા તરીકે પોતાની જિંદગી ગુજારતી હોય છે અથવા તેના પિયરમાં રહેતી હોય છે. અનેક યુવતીઓ વિધવા તરીકે જ પોતાની જિંદગી પુરી કરી નાખે છે તો અમુક કિસ્સામાં પિયરના લોકો ફરીથી લગ્ન કરાવી આપે છે. જોકે, નવસારીના કેસમાં તો ખુદ સાસરિયાઓએ પોતાની વિધવા પુત્રવધૂના લગ્ન કરાવી આપ્યા હતા અને એવો સંદેશ આપ્યો છે કે વિધવા પુત્રવધૂને ઘરમાં બેસાડી રાખવાનું યોગ્ય નથી, પરંતુ તેને પણ પોતાની બાકીની જિંદગી ખુશીથી જીવવાનો અધિકાર છે. મળતી માહિતી પ્રમાણે નવસારી ખાતે રહેતા જયાબેન ગાંધીના દીકરાનું હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું. પુત્રના નિધન બાદ તેની પત્ની સ્વિટી વિધવા તરીકે જીવન ગુજારતી હતી. લગ્ન સંબંધથી એક દીકરાનો જન્મ પણ થયો હતો. આ દીકરાની ઉંમર હાલ ૧૨ વર્ષ છે. લગ્ન બાદ સ્વિટીએ પોતાના પિયર જવાને બદલે પોતાની સાસરીમાં જ રહીને સાસુ-સસરાની સેવા કરવાનું નક્કી કર્યું હતું. પતિના નિધન બાદ જયાબેને પોતાની વિધવા પુત્રવધૂને દીકરીની જેમ જ રાખી હતી. જોકે, એક દિવસ તેમના મનમાં વિચાર આવ્યો કે મારી દીકરી (પુત્રવધૂ)ને ઘરે બેસાડવા કરતા જો તેના લગ્ન કરી દેવામાં આવે તો તેણી પોતાની બાકીની જિંદગી સારી રીતે વિતાવી શકે છે. આ વિચાર બાદ જયાબેને પોતાની પુત્રવધૂ માટે મુરતિયાની શોધખોળ શરૂ કરી હતી. મુરતિયાની શોધખોળ દરમિયાન જયાબેનની આંખ સુરતના દિવ્યેશ નામના યુવાન પર ઠરી હતી. જે બાદમાં દિવ્યેશ અને સ્વિટીની વાતચીત કરાવવામાં આવી હતી. બંનેએ લગ્ન માટે હા પાડતા જયાબેને પોતાની પુત્રવધૂના લગ્ન કરાવી આપ્યા હતા.

ભાજપની વેલકમ પાર્ટી : ૨૫૦થી વધુ અધ્યાપકો જોડાયા ભાજપમાં

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપ દ્વારા ભરતી મેળાનો સીલસીલો યથાવત્ છે. ભાજપમાં વિવિધ નેતાઓ અન્ય પક્ષમાંથી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. ત્યારે આ વચ્ચે ભાજપનો આજે વધુ એક ભરતી મેળો યોજાયો છે. મહત્વનું છે કે, મોદી ગુજરાત મુલાકાતે આવ્યા ત્યારે પ્રબુદ્ધ નાગરિકોને ભાજપામાં જોડવા માટે આહવાન કર્યું હતું. જે બાદ અલગ અલગ સેલ સક્રિય થઈ ગયા છે.થોડા દિવસ પહેલા જ એક હજારથી વધારે ડોકટર ભાજપમાં જોડાયા હતાં. હવે શિક્ષણ સેલ દ્વારા અધ્યાપકને ભાજપમાં જોડાયા છે.૨૫૦ થી વધારે અધ્યાપક ભાજપમાં જોડાયા છે. પ્રદેશ અધ્યક્ષની અધ્યક્ષતામાં પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ ખાતે મોટી સંખ્યામાં અધ્યાપકો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં આ તમામ અધ્યાપક જોડાયા છે. શિક્ષણ સેલને તેની જવાબદારી સોંપી હતી.

પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ના આણીએ..ઘટ સાથે રે ઘડીયાં...જેમ દિવસ છે તો એમાં તડકીછાંયડી આવતી રહે છે એ જ રીતે જીવન છે તો એમાં ઉતાર ચઢાવ કે આરોહ અવરોહ પણ આવતા જ રહેવાના..આપણે એ બંને ઘટનાઓમાંથી જે સાચું છે એને અનુસરતા રહીએ તો કયારેય પસાતાવાનો સમય આવતો નથી..આપણી અંદર ઈશ્વરે મૂકેલું એક આટોમેટિક એલાર્મ પડેલું છે..એ ચોક્કસ સમયે ઘંટડી વગાડી આપણને સભાન કરવાનો પ્રયત્ન કરતું રહે છે..આપણી તંદ્રા એટલી મનગમતી હોય છે કે આપણા સુખના છડીદાર જેવો એ અવાજ આપણને જગાડી શકતો નથી !

ખળભળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરી દેવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે કેમ્પસમાં કોરોના કેસો મળી આવવા અને કેમ્પસને માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરી દેવા છતાં કેમ્પસમાં શૈક્ષણિક પ્રવૃતિઓ બંધ કરી દેવાને બદલે કેમ્પસમાં તમામ પ્રવૃતિઓ યથાવત જોવા મળી રહી છે અને વિદ્યાર્થીઓ-ફેકલ્ટીઝ અને વહીવટી શાખા વગેરે તમામ દ્વારા નિર્ભિકપણે કોરોના ગાઈડ લાઈનનું સરેઆમ ઉલ્લંઘન કરતાં જોવા મળી રહ્યાં છે. માસ્ક પહેરવામાં બેદરકારી અને સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવવામાં વિદ્યાર્થીઓ સહિત ફેકલ્ટીઝનો સમાવેશ થાય છે. પ્રાપ્ત વિગતો અનુસાર કેમ્પસમાં આગામી મંગળવારથી પરીક્ષાઓ પણ યોજાવાની છે અને અત્યારે વાઈવા ટેસ્ટ ચાલી રહ્યાં છે જેના કારણે કેમ્પસમાં શનિ-રવિ-સોમની રજાઓમાં પણ ચાલુ રાખવામાં આવનાર છે. જો માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવા છતાં કેમ્પસ આ રીતે ચાલુ રખાશે તો કેસો વધી શકે છે અને સ્થિતિ ગંભીર બની શકે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

પગલા લેવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવા વિસ્તારમાં પણ કામો હાથ ધરાયા છે. જયારે આ દરમિયાન ગટર વ્યવસ્થાપના નેટવર્કનો પણ ગેરકાયદેસર રીતે ઉપયોગ થઈ રહ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં રહેણાંક સોસાયટી, કોર્મશિયલ વિસ્તારમાં તંત્રએ ઉભા કરેલા ગટર નેટવર્કમાં પોતાની રીતે બંકર કરી ગટર લાઈનનુ જોડાણ મેળવી લીધુ હોવાનુ પણ ફરિયાદના અંતે ધ્યાને આવ્યુ છે. જેની સામે અગાઉ પણ ગુડાએ કાર્યવાહી હાથ ધરી હતી. જયારે હાલ ગુડાના અધિકારીઓ દ્વારા આવા કીસ્સામાં કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરતા પુર્વે ગેરકાયદેસર જોડાણ લેનારે આ જોડાણ કાયદેસર કરાવી લેવા પણ તંત્રએ જણાંવ્યુ છે. જયારે આ મામલે હવ ગુડા દ્વારા નોટીસ આપવામાં આવશે જયારે સમય મર્યાદના અંતે જોડાણ કાપવા સુધીના કડક પગલા લેવાશે. ગટર લાઈનનમાં ગેરકાદેસર જોડાણ મેળવવાનુ કાયદાકીય રીતે પણ ગંભીર બાબત છે. ગુડાએ અગાઉના સમયમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ -૪ ના ધોળાકુવા , પોર અને કુડાસણ વિસ્તારમાં ટાઉનપ્લાનીંગ સ્કીમ નં-૬ કુડાસણ, સરગાસણ અને ધોળાકુવા તેમજ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૯ વાસણા હડમતિયા , સરગાસણ ,ઉવારસદ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાંખી દેવામાં આવી છે. હાલમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૯ માં આસપાસના વિસ્તારમાં કામગીર ચાલી રહી છે. જયારે ટી પી સ્કીમ નં -૨૬ માં પણ ગટર લાઈનના કામનુ આયોજન કરાયુ છે. આવા સંજોગોમાં કરોડોના ખર્ચ તૈયાર થતા ગટર નેટવર્કને અનુલક્ષીને ગેરકાયદેસર જોડાણ અંગે ગુડાના તંત્રએ હવે પગલા લેવાનુ નક્કી કર્યુ છે.

રાજ્યમાં કોરોનાના નવા ૩૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૩

કોરોનાના આંકડા ગુજરાતમાં ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયેલી ભીતિ કે જુન-જુલાઈમાં કોરોનાની વધારે એક લહેર આવી શકે છે સાચી ઠરશે કે શું તેવા સવાલો થઈ રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૩૫ કેસ નોંધાયા છે.

બીજી તરફ ૧૨ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૫૦૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં રસીના આજે કુલ ૩૩,૯૯૪ ડોઝ અપાયા હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ